# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2026-27/24 Dt. 30/06/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## એસજીસીસીઆઈની રજૂઆતને કેન્દ્ર સરકારનો પ્રતિસાદ – MEG અને PTA પર કસ્ટમ્સ ડ્યૂટીમાં રાહતની મુદત 15 જુલાઈ, 2026 સુધી લંબાવાઈ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા તા. 24 જૂન, 2026 ના રોજ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના અધ્યક્ષશ્રીને લેખિત રજૂઆત કરીને MEG (Mono Ethylene Glycol) અને PTA (Purified Terephthalic Acid) પર આપવામાં આવેલી કસ્ટમ્સ ડ્યૂટીમાં રાહતની સમયમર્યાદા લંબાવવાની માંગણી કરવામાં આવી હતી.

ચેમ્બરની આ રજૂઆતને ધ્યાનમાં રાખીને ભારત સરકારના નાણાં મંત્રાલય (રાજસ્વ વિભાગ) દ્વારા G.S.R. 529(E) જાહેર કરીને નોટિફિકેશન નં. 13/2026-Customs, તા. 01 એપ્રિલ, 2026માં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારા મુજબ અગાઉ 30 જૂન, 2026 સુધી અમલમાં રહેલી કસ્ટમ્સ ડ્યૂટીમાં રાહતને હવે 15 જુલાઈ, 2026 સુધી લંબાવવામાં આવી છે.

એસજીસીસીઆઇ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું હતું કે પશ્ચિમ એશિયામાં (West Asia) સર્જાયેલી ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિના કારણે ક્રૂડ ઓઇલ અને તેના ડેરિવેટિવ્ઝના આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે અસ્થિરતા જોવા મળી હતી. તેના પરિણામે MEG અને PTA જેવા પોલિએસ્ટર ઉદ્યોગ માટેના મુખ્ય કાચા માલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો હતો.

જોકે આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થિતિમાં કેટલાક અંશે સુધારો જોવા મળ્યો છે, ભારતીય બજારમાં ક્રૂડ આધારિત કાચા માલના સ્થાનિક ભાવોમાં હજુ સુધી તે પ્રમાણમાં ઘટાડો નોંધાયો નથી. પરિણામે ટેક્સટાઇલ ઉદ્યોગ, ખાસ કરીને પોલિએસ્ટર અને MMF (Man-Made Fibre) ક્ષેત્રની ઉત્પાદન એકમો હજુ પણ ઊંચા કાચા માલના ખર્ચનો સામનો કરી રહી છે.

આ વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એસજીસીસીઆઇએ કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી હતી કે MEG અને PTA પરની કસ્ટમ્સ ડ્યૂટીમાં આપવામાં આવેલી રાહતની મુદત આગળ વધારવામાં આવે, જેથી સ્થાનિક ઉદ્યોગોને કાચા માલનો ખર્ચ નિયંત્રિત કરવામાં મદદ મળે અને તેઓ વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક રહી શકે.

ચેમ્બર માને છે કે સરકારનો આ નિર્ણય ખાસ કરીને સુરત સહિત દેશના MMF અને પોલિએસ્ટર આધારિત ટેક્સટાઇલ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ રાહતરૂપ સાબિત થશે. તેનાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે, ઉદ્યોગોની કાર્યકારી મૂડી (Working Capital) પરનો ભાર ઘટશે તેમજ નિકાસ અને સ્થાનિક બજારમાં સ્પર્ધાત્મકતા જાળવવામાં સહાય મળશે.

એસજીસીસીઆઇ કેન્દ્ર સરકાર, નાણાં મંત્રાલય (રાજસ્વ વિભાગ) તથા CBICના અધ્યક્ષશ્રીનો ઉદ્યોગજગતની રજૂઆતને ઝડપી અને હકારાત્મક રીતે સ્વીકારી આ નિર્ણય લેવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

ચેમ્બર આગામી સમયમાં પણ દક્ષિણ ગુજરાતના વેપાર અને ઉદ્યોગોને અસર કરતા પ્રશ્નો સરકાર સમક્ષ મક્કમતાપૂર્વક રજૂ કરીને તેમના હિતોના રક્ષણ માટે સતત કાર્યરત રહેશે.